# Report of NSS camp 2024-25

# NSS Five-projects camp at shahpur, dis: GAndhinagar.

SHETH L H SCIENCE COLLEGE,MANSA.

**દિવસ 1** : શેઠ એલએચ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પંચ પ્રકલ્પ શિબિર સ્થળે પહોંચ્યા.




પંચ પ્રકલ્પ શિબિર ની શરુઆત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય, અને અલગ ટીમ ના જુથ બનવાની કરવામા આવી.



## મુખ્ય ઉદ્દેશ:

પંચ પ્રકલ્પ કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ સમાજમાં વિવિધ સકારાત્મક પરિવર્તનો લાવવાનો છે. NSSની મદદથી, અમે વિશાળ સ્તરે જાગૃતિ ફેલાવીને સ્વસ્થ, સાફ, અને સકારાત્મક સમાજની રચના કરવા માટે પ્રતિબદ્ધ છીએ.




ભ્રહ્માકુમારી ના પ્રવક્તાઓ દ્વારા માર્ગદર્શન મેડવી રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમ ની શરુઆત કરવામા આવી.



## જન જાગૃતિ (Jan-Jagruti):

- કાર્યક્રમનો ઉદ્દેશ: સમાજના વિવિધ મુદ્દાઓ પર જાગૃતિ લાવવી, જેમ કે સ્વાસ્થ્ય, શિક્ષણ, અને રાષ્ટ્રીય એકતા.
- કાર્ય: NSS દ્વારા રેલી, પત્રક વિતરણ, અને નાટક દ્વારા માહિતી આપવાની વ્યવસ્થા.
- પરિણામ: લોકોમાં જાગૃતિ વધારવા અને સામાજિક ભણતર વધારવાની શુભેચ્છા ફેલાઈ.

**દિવસ 2** : પ્રભાતફેરીના ભજન અને ધૂન દ્વાર ગામમા ભક્તિભાવનુ વાતવરણ બનાવાયુ અને યોગ ની સાથે સાથ ઉગતા સૂર્યની સાથે દિવાસની શરુઆત કરી.



પ્રોજેક્ટ કાર્ય દરમિયાન વિવિધ ટીમો નું નેતૃત્વ કૉલેજ ના વિદ્યાર્થી વાઘેલા સુહાગ તેમજ પ્રિયા પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું.





**. સાફ સફાઈ (Saaf-Safai):**

કાર્યક્રમનો ઉદ્દેશ: સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવી અને સાફ-સફાઈમાં લોકોની ભાગીદારી વધારવી.

કાર્ય: NSS દ્વારા ગામ અને શાળાઓમાં સફાઈ અભિયાન ચલાવ્યું.

પરિણામ: જાહેર જગ્યાઓ સાફ રાખવા અને કચરો યોગ્ય રીતે ઉછાળવા માટે લોકોમાં જાગૃતિ આવી.

**દિવસ 3** : પ્રભાતિયાં સાથે થયેલી શુભ સવારે દિવસનો ધ્યેય રાખી વિદ્યાર્થીઓ કામની શરૂઆત કરી.



કાર્યકાળ દરમિયાન અધૂરા રહેલા કામને વેગ આપીને કાર્ય સંપૂર્ણ રીતે પુરુ કરીને ગ્રામજનોમાં નશા મુક્તિ માટેની ચળવળ શરૂ કરવામાં આવી હતી.

મૃત દેહના ખોટા શબ સાથેની સ્મશાન યાત્રા જેવા નાટકો સાથે નશા મુક્તિ કરવા લોકોને પ્રોત્સાહન અપાવ્યું હતું.



કાર્યક્રમ ની રૂપરેખા મુજબ રાત્રિના લોક મનોરંજન દ્વારા ગ્રામજાનોમા ઉત્સાહ પુરુ પડાવ્યો હતો.

**દિવસ 4 :** વિવિધ ટીમ દ્વારા વહેલી સવારે કરતા પ્રભાતિયાના ભજન લોકોની ટેવ બની રહી હતી . સવાર સવારમા ભક્તિ ભાવનો માહોલ nss ના સહ્ભાગિયાયો દ્વારા બનાવતું હતું.







લોક સંપર્ક દ્વારા ગ્રામજનો ના રહેણાંક વિસ્તારમાં તેમની સાથે સમય વિતાવવો અને તેમની સમસ્યા ના નિવારણ ના પ્રયત્નનો કરવા, તેમજ તેમના પોતાના બની તેમની સાથે ભોજન કરાવાયું હતું.





ગામના નૌજુવાન સરપંચ ના પુંહવિવાહ કરાવી તેમજ નાટ્ય સ્વરૂપે ગ્રામજનોમા સમાજમા ચાલી રહેલા કુરિવાજ દૂર કરવા, દહેજ પ્રથા નાબૂદ કરવા તેમનામા સમજણ ઊભી કરાઇ હતી.

**દિવસ 5** : શિબિરનો અંતિમ દિવસ , લાગણીના અનુભવ સાથે વિખૂટવાનો સમય હતો.



અજાણ્યા થઈને મળેલા આજે અશ્રુભીની આંખો સાથે વિદાય તરફ આગળ વધે એ પહેલાં શાળામા મળેલા રહેણાંક માટે આભાર વ્યક્ત કરી શાળા ને સ્વચ્છ બનાવી સોંપવામાં આવી .





NSS દ્વારા યોજાયેલ આ પંચ પ્રકલ્પ કાર્યક્રમો સમાજ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયા. NSSના સ્વયંસેવકો દ્વારા આ પ્રક્રિયાઓનું સફળ આયોજન થયું, જેના લીધે સમાજમાં એક નવી આશા અને ઉત્સાહ ફેલાયો.